

ગાંધીનગર રામકથા મેદાન ખાતે ૨૬મી જાન્યુઆરીની પરેડની આજે યોજાયેલ ગ્રાન્ડ રીહર્સલમાં બાળકોએ અંગ કસરતના હેરતભર્યા દાવ રજૂ કર્યા હતા. તો સૂર્ય નમસ્કારની આપણી જૂની પરંપરાને પણ આબેહૂબ રજૂ કરી દર્શકોના મન મોહ્યા હતા. આ રીહર્સલમાં જિમ્નાસ્ટીક ઉપરાંત મલ્કમના દાવ પણ બાળકોએ રજૂ કરી ગાંધીનગર ઓળખને વધુ ઓજસ્વી બનાવી હતી. આ પરેડમાં અધિક કલેક્ટર ડૉ. મોડીયા, જમીન સુધારણાના ડેપ્યુટી કલેક્ટર ગુણવંતસિંહ સોલંકી, પુરવઠા અધિકારી નિશા શર્મા, હેડ ક્વાર્ટર ડીવાયએસપી જેઠવા ઉપસ્થિત રહ્યા હતા. (તસવીર : દિપક જાની)

# શુભ-લાભ આવાસ યોજનાના લાભાર્થીઓને ત્રણ મહિનામાં કબજો સોંપાશે

## આવાસ યોજનાનું કામ આખરી તબક્કામાં ચાલી રહ્યું છે

ગાંધીનગર, તા. ૨૪

ગુડા દ્વારા રાયસણમાં ચિલોડા અને અડાલજમાં તૈયાર થતી શુભ-લાભ આવાસ યોજનાનું કામ આખરી તબક્કામાં છે. જો કે લાભાર્થીઓને આવાસોનો કબજો સોંપવામાં હજુ ત્રણ મહીનાનો સમય લાગશે. ગુડા કક્ષાએથી લાભાર્થીઓની યાદી સંદર્ભે લોન સહીતની અન્ય જરુરી વિગતો પણ એકત્રિત કરવામાં આવી રહી છે.

ઓછી આવક ધરાવતા પરિવારજનો માટે ગુડા દ્વારા મુખ્યમંત્રી ગૃહ યોજના અન્વયે રાયસણ, અડાલજ અને ચિલોડામાં ૩૬ ચો.મી.ના ૧૧૦૦ જેટલા આવાસો બાંધવામાં આવી રહ્યા છે. આ આવાસોને અનુલક્ષી અગાઉ લાભાર્થીઓ માટે ડ્રોની કાર્યવાહી હાથ ધરવામાં આવી હતી. ગત વર્ષ દરમિયાન ગુડા દ્વારા આ આવાસ યોજના બાંધવાનું કામ શરુ કરવામાં આવ્યું હતું. જયારે હાલમાં ગુડાના આ આવાસોનું કામ આખરી તબક્કામાં છે. બીજી તરફ લાભાર્થીઓ પણ આવાસોનો કબજો ઝડપથી મળે તે માટે ગુડાની કચેરીમાં પુછતાછ કરતા નજરે પડે છે. ગુડાના સૂત્રોમાંથી પ્રાપ્ત થતી માહિતી અનુસાર આવાસ યોજનાનું કામ આખરી તબક્કામાં છે. લાભાર્થીઓ માટે નિયત કરાયેલી માળખાગત સુવિધાઓ ઉપલબ્ધ કરવાનું કામ હાથ ધરાયું છે. જયારે આગામી ૩ મહિનામાં લાભાર્થીઓને આવાસોનો કબજો સોંપી દેવામાં આવશે.

# એટ હોમ પાર્ટી મહાત્મા મંદિરમાં યોજાશે

ગાંધીનગર, તા. ૨૪

પ્રજાસત્તાક દિનની સાંજે રાજ્યપાલશ્રી દ્વારા યોજવામાં આવતી એટ હોમ પાર્ટી પ્રથમવાર મહાત્મા મંદિર ખાતે યોજવામાં આવનાર છે.

પ્રજાસત્તાક દિનની સાંજે યોજાતી એટ હોમ પાર્ટી અત્યાર સુધી રાજભવન ખાતે યોજાતી રહી છે પણ આ વખતે આ પાર્ટી મહાત્મા મંદિર ખાતે યોજાવાની હોવાથી તંત્ર દ્વારા તડામાર તૈયારીઓ ચાલી રહી છે. અહી સલામતિ અને પાર્કિંગ વ્યવસ્થાને લઈ તંત્ર દ્વારા તૈયારીઓ કરવામાં આવી રહી છે.

રાજ્યપાલશ્રી આ દિવસે રાજ્યના સ્વાતંત્ર્ય સેનાનીઓ, મહા ગુજરાત ચળવળના નેતાઓ, રાજ્ય સરકારના ઉચ્ચ અધિકારીઓ, રાજ્યમંત્રી મંડળના સભ્યો, રાજકીય પક્ષોના આગેવાનોને નિમંત્રણ પાઠવી શુભકામનાઓની આપ લે કરતા હોય છે.

ગાંધીનગરમાં પહેલીવાર એટ હોમ પાર્ટી રાજભવનથી દૂર યોજાઈ રહી છે. આ માટેના નિમંત્રણ કાર્ડ રાજભવન તરફથી પાઠવી દેવામાં આવ્યા છે. મહાત્મા મંદિરમાં આને લઈ ખાસ રોશની પણ કરવામાં આવી રહી છે.

# પશુધન માટે પૌષ્ટીક આહાર ચિંતાનો વિષય

## કામધેનુ યુનિવર્સિટીના પદ્‌વીદાન સમારંભમાં રાજ્યપાલશ્રી અને મુખ્યમંત્રીના ઉદ્‌બોધનો

ગાંધીનગર, તા. ૨૪

પશુધન માટે પૌષ્ટીક આહાર એક ચિંતાનો વિષય બન્યો છે અને તે પડકાર આપણે ઉપાડી લેવો પડશે તેમ રાજ્યના રાજ્યપાલશ્રી ઓ.પી. કોહલીએ આજે કામધેનુ યુનિ.ના પદવીદાન સમારોહમાં જણાવ્યું હતું.

તેમણે કહ્યું કે બાંધકામો વધતા જતા હોવાથી પશુઓ માટે ચરવાની જગ્યાઓ ઓછી થઈ રહી છે ત્યારે પશુઓના ાહાર માટે વૈકલ્પિક વ્યવસ્થા કરવાની આવશ્યકતા ઉભી થઈ છે. દૂધ ઉત્પાદન વધારવા અને ટેકનોલોજીનો ઉપીયોગ કરવા ગુજરાતના મજબુત સહકારી વ્યવસ્થાને વધુ સુદૃઢ બનાવવા તેમજ પશુઓ માટે વધુ સંવેદના દાખવવા તેમણે અનુરોધ કર્યો હતો.

મુખ્યમંત્રી શ્રીમતી આનંદીબેન પટેલે પ્રાસંગિક ઉદ્‌બોધનમાં જણાવ્યું હતું કે, કામધેનુ યુનિ. અદ્યતન ટેકનોલોજી ધરાવતી યુનિ. બને તે માટે સરકાર તમામ પ્રયાસો કરશે.

તેમણે જણાવ્યું હતું કે પશુપાલનમાં બહેનો વધુ પ્રમાણમાં જોડાયેલી હોય છે. આ મહિલાઓ માટે રાજ્ય સરકારના કૃષિ-પશુપાલન વિભાગ દ્વારા નવી નવી યોજનાઓ અમલી બનાવી તેમની આવક વધે તે માટે વિશેષ પ્રયાસો હાથ ધરાયા છે. આ અંગેની વિગતો આપતાં તેમણે ઉમેર્યું હતું કે, જે ગામમાં દૂધ ઉત્પાદક સહકારી મંડળી ન હોય ત્યાં માત્ર મહિલાઓની દૂધ ઉત્પાદક મંડળીઓ બની રહી છે. આજે આવી મહિલા સંચાલિત ૩૦૦૦ મંડળીઓ અમલમાં આવી છે. આ ઉપરાંત જે બહેનો પાસે ૧૦ કરતા વધુ પશુઓ હોય તો તેમને માટે મિલ્કિંગ મશીન અને ચાપ કટર અપાય છે તેમજ દૂધ મંડળીઓને સંગ્રહિત કરવા બલ્ક મિલ્ક કુલર પણ આપવામાં આવે છે.

મુખ્યમંત્રીશ્રીએ પશુઓને નિરોગી, સ્વસ્થ રાખવાની અપીલ કરતાં જણાવ્યું હતું કે, સમયસર પશુઓની કાળજી લેવાય તો પશુઓનું સંવર્ધન થશે અને પશુ ઓલાદો પમ વધુ સારી શખે. એક સમયે પશુઓમાં ૧૫૦ જેટલા રોગ દેખાતા હતા. પરંતુ ગુજરાતમાં પશુઓને રસીકરણ, અન્ય કાળજીને પરિણામે ૧૨૦ જેટલા રોગ ઘટાડી શકાયા છે. પશુઓ માનવીના જીવનની જ એક ભાગ છે તેનો ઉલ્લેખ કરતાં તેમણે ઉમેર્યું હતું કે તાજેતરમાં રાજ્ય સરકાર દ્વારા પશુઓની ગામડે ગામડે સારવાર માટે ૧૭ જેટલા વાહનો વિવિધ જિલ્લાઓને ફાળવવામાં આવ્યા છે.

## ઔદીચ્ય બ્રાહ્મ બેસણું



અમારા મોટા ભાઈ **સ્વ. જગજીવન પુરુષોત્તમ વ્યાસ** તા. ૨૩-૧-૨૦૧૫ને શુક્રવારે કૈલાસધામ નિવાસી થયા છે. તેમની પ્રાર્થના સભા **તા. ૨૬-૧-૨૦૧૫ને સોમવારે સવારે ૯.૩૦ થી ૧૧.૩૦** દરમિયાન અમારા નિવાસ સ્થાન : **સેક્ટર-૨૯ પ્લોટ નં. ૭૩૯/૧** ખાતે રાખેલ છે.

લી.

| | |
|---|---|
| **વિશાળ સુરેશચંદ્ર વ્યાસ** (ભત્રીજા) | **લાભશંકર પી. વ્યાસ** |
| **યોગેશ વિષ્ણુપ્રસાદ વ્યાસ** (ભત્રીજા) | (નિવૃત્ત આર્કિટેક) |
| **યોગેશ વિષ્ણુપ્રસાદ વ્યાસ** (ભત્રીજા) | **રમણીકભાઈ પી. વ્યાસ** |
| **ઉર્વશી કમલકુમાર ભટ્ટ** (દિકરી) | (નિવૃત્ત નાયબ સચિવ) |

ટચુકડી જાહેર ખબર
દર ગુરુવારે-રવિવારે
ગાંધીનગર સમાચાર
ફોન : ૨૩૨૨૨૫૭૧,
ફેક્સ : ૨૩૨૩૦૫૭૧







Govt. of India Regd. No. 38383 / 82 **માલિક - પ્રકાશક - મુદ્રક** : પ્રાર્થના પ્રકાશન વતી એલાઈડ ઓફસેટમાં છાપ્યું, બ્લોક નં. ૬૮૩/૨, સેક્ટર-૮, ગાંધીનગર ખાતેથી પ્રસિદ્ધ કર્યું. **તંત્રી : કૃષ્ણકાન્ત જહા. ફોન : ૨૩૨૨૨૫૭૧, ફેક્સ : ૨૩૨૩૦૫૭૧** E-mail : gandhinagarsamachar@yahoo.com